ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સીબીઆઈ કરે કરોડોમાં પૂજા ધનતેરસ*
*શસ્ત્ર સોદામાં મળે છે કમીશન ધનતેરસ,*
*બેઠી ઉદ્યોગપતિની તિજોરીમાં, ધનતેરસ,*
*ખવાઈ જાય ખાતાંમાંથી રડે છે ધનતેરસ*

### હાઈકુ

*ભૂલ છે ભાન -*
*સત્તામાં ચકચૂર -*
*ધનતેરસ!*

*કૌભાંડ લક્ષ્મી*
*પૂજાય ઘેર ઘેર*
*ધનતેરસ...*

### ચિંતન

*સર્વેન્દ્રિયાણાં ગતિનિગ્રહેણ ભોગ્યેષુ દોષાદ્યવમર્શનેન ।*
*ઈશ પ્રસાદાચ્ચ ગુરોઃ પ્રસાદાચ્છન્તિ સમાયાત્મયચિરેણ ચિત્તમ્ ॥*

ઉપરોક્ત શ્લોક 'વિવેકચૂડામણિ ગ્રંથ'માંથી લેવામાં આવેલ છે.

ભોગ્ય પદાર્થો વિષેના દોષ વગેરેનો વિચાર કરીને સર્વ ઈન્દ્રિયોની ગતિનો નિગ્રહ કરવાથી થોડા સમયમાં ઈશ્વરની કૃપાથી અને ગુરુની કૃપાથી સાધક ચિત્ત શાંતિને પ્રાપ્ત કરે છે.

ભોગ-વિલાસ-ભૌતિકતામાં સુખ નથી તીખા-તળેલા-જંક ફૂડમાં તત્કાલીન સુખ સ્વાદ-સંતોષ દેખાય છે પણ ચોવીસ કલાકમાં જ તેનું ખરાબ પરિણામ ભોગવવું પડે છે.

આ વાત જીવનમાં ઈન્દ્રિયો દ્વારા ભોગવાતાં ક્ષણિક સુખોને પણ લાગુ પડે છે આ જેટલું જલદી સમજાય એટલું જલદી મુક્ત થવાય !!

### સુવિચાર

- આત્મશક્તિનું લીકેજ બોલવાથી થાય છે, ક્રિયાઓથી નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે બળવાન થવાનું નથી, નિર્બળતા કાઢવાની છે, તમે પોતે જ અનંત શક્તિના ધણી છો - **બોધિ વૃક્ષ**
- સદ્‌ગુણોની રેલગાડીને બે એન્જિન છે - આગળનું એન્જિન એ 'અભય' અને પાછળનું એન્જિન એ 'નમ્રતા' - **વિનોબા ભાવે**
- ધર્મઝનૂની એવું માને છે કે આ સંજોગોમાં ભગવાન જે કરે તે જ હું કરું છું - **સંત પીટર**
- શાસનકર્તા માટે તો ધન એ દુશ્મનના ગર્વને ચીરી નાખનારી તલવાર છે - **તિરુવલ્લુવર**
- ડાહ્યા થવાની કળા એટલે કઈ વાત પર દુર્લક્ષ કરવાનું છે તે જાણવાની કળા - **અનામી**
- આજનું ઔષધ : કેળાની છાલ ચહેરાના મસા પર ઘસવાથી પંદર દિવસમાં મસા ખરી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શિષ્યે ગુરુને પૂછ્યું 'ગુરુજી, બધા પ્રાણીઓ જન્મ લે છે અને મરે છે. બધા પ્રાણી ચાહે તે જીવજંતુ હોય કે મનુષ્ય, બધામાં ભૂખ, પીડા, હર્ષ વગેરે ભાવ પ્રગટ કરવાની ક્ષમતા છે. બધા પોતાનો બચાવ પણ કરે છે. બધાને બિમારી સામે ઝઝુમવું પડે છે. પશુ-પક્ષી, જીવ-જંતુ બધાનો અંત નિશ્ચિત છે, પરંતુ શું કારણ છે કે ફક્ત મનુષ્યોમાં જ સાધુ, તપસ્વી, જ્ઞાની, ચોર, ડાકુ, આતંકવાદી, દાનવ વગેરે હોય છે ? મનુષ્યમાં જ જાતિઓ અને ધર્મ કેમ કેમ હોય છે ? ગુરુએ કહ્યું, 'વત્સ, અસલમાં તેની પાછળ મનુષ્ય કારણ છે. વ્યક્તિની અંદર બુદ્ધિ હોવી. બુદ્ધિને કારણે જ મનુષ્ય એવા પણ બની શકે છે. 'જે અન્ય જીવજંતુ, પશુપક્ષી નથી બની શકતા, તે પંડિત, જ્ઞાની, ચોર કે આતંકવાદી પણ બની શકે છે. પોતાની બુદ્ધિનો ખોટો ઉપયોગ કરી વિનાશ તરફ ચાલી જાય છે. બુદ્ધિનો સાચો ઉપયોગ કરીને મનુષ્યએ ખુદને એકતાના સૂત્રમાં બાંધવાની જગ્યાએ ધર્મો, જાતિઓ અને વિભિન્ન વ્યવસાયોમાં વહેંચી લીધા છે અને આમાંથી જ અસંખ્ય વિવાદોએ જન્મ લીધો છે.' ગુરુએ ઊંડાણમાં સમજાવતા કહ્યું, 'મનુષ્ય ઈચ્છે તો પોતાની બુદ્ધિનો સદ્‌ઉપયોગ કરીને જીવન સાર્થક સફળ બનાવી શકે છે, પરંતુ મોટા ભાગે તે એવું કરતો નથી. જો હજુ પણ બુદ્ધિનો સાર્થક ઉપયોગ કરે તો મનુષ્ય જીવનને સફળ બનાવી શકે છે કે જે અન્ય પ્રાણીઓ નથી કરી શકતા.' શિષ્ય ગુરુની વાત સાથે સહમત થયો.

# ધન્વંતરિનું પ્રાગટ્ય પર્વ

### તંત્રીસ્થાનેથી...

દીપોત્સવી પર્વમાળાનો પહેલો મણકો તે વાઘબારશ. આ લેખ લખાય છે વાઘબારશની સવારે અને પ્રગટ થઈ 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ વાચકો સમક્ષ પહોંચશે ત્યારે ધનતેરશ બેસી ગઈ હશે. વાઘબારશ વાસ્તવમાં વાક્‌દ્વાદશી છે - વાણીનું પર્વ છે. વાણી એટલે સાક્ષાત્ સરસ્વતી. અજ્ઞાની પ્રજાએ વાક્‌નું વાગ્ અને એ પછી 'વાઘ' સ્વરુપ સ્વીકારી એને જુદો જ અર્થ બઝાડી દીધો. માનો કે એ વાઘબારશ હોય તો પણ શું ? વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે અને વળી જગદંબાનું વાહન છે. ધનતેરશ સાથે પણ એવી જ લોકરમત (અલબત્ત, રાજરમત નહીં જ) રમાયેલ છે. એ હકીકતમાં ધન્વંતરિ જયંતિ છે - આરોગ્યપર્વ છે. એને આપણે ભૌતિકવાદનું ધનપર્વ, લક્ષ્મી પૂજનનું પર્વ બનાવી દીધું છે. માનવી એ ઉત્ક્રાંતિના અલગ અલગ તબક્કે અનોખા અંદાજ ધારણ કરતો રહ્યો છે. ક્યારેક એ જ્ઞાનનો મહિમા કરતો હતો. ધન્વંતરિ આયુર્વેદનો અમૃતકુંભ લઈને પ્રગટ થયા હતા. એટલે સ્વાભાવિક રીતે જ એ ભૂજનીય હતા. પરંતુ કાળક્રમે સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે વાળી સ્થિતિ સરજાઈ છે. ધન્વંતરિનું શાસ્ત્ર અલબત્ત વિકસીને વટવૃક્ષ બન્યું છે અને વાત-પિત્ત-કફના કૂંડાળામાંથી બહાર નીકળી બૅક્ટેરિયા, વાઈરસ અને ઈમ્યુનિટના ફેરવાઈ ચૂક્યું છે. આખરે યૂનાની કે ઍલોપથી પદ્ધતિની આરોગ્ય સેવાઓના મૂળમાં પણ છે તો પેલો રોગથી પીડાતો માનવી. એની પીડાને શાંત કરવા જ ધન્વંતરિ અવતર્યા હતા અને એમના પ્રાગટ્યપર્વને એથી જ ધન્વંતરિ ત્રયોદશી લેખે ઊજવવાની પરંપરા આરંભાઈ હશે. પરંતુ ત્યારે ધન્વંતરિને કે એલોપથીના પિતા ગણાતા હિપોક્રેટસને કદાચ સ્વપ્નેય કલ્પના નહીં હોય કે કાળા માથાનો માનવી એના દર્દને પણ વટાવી ખાવાના નુસખા શોધી કાઢશે, વૈદ્યરાજ માટે આપણા સુભાષિતકારે કેવો તીખો કટાક્ષ કર્યો છે !

વૈદ્યરાજ નમસ્તુભ્યં યમરાજ સહોદર ।
યમસ્તુ હરતિ પ્રામાન્ વૈદ્યઃ પ્રાણાન્ ધનાનિ ચ ॥

હે વૈદ્યરાજ, તમને ઘણા માનથી નમસ્કાર. તમે યમરાજના જ ભાઈ છો. યમ તો ફક્ત પ્રાણ હરી જાય છે. તમે પ્રાણ અને ધન- બેઉ લઈ જાઓ છો ! આ સુભાષિત સેંકડો વર્ષો પૂર્વે રચાયું હશે. વૈદ્યરાજ કહો કે અદ્યતન તબીબીશાસ્ત્રના તજજ્ઞ એવા ડૉકટરો : એમણે પ્રાણ સાથે ધનની ઉઠાંતરી કરવામાં કસર કરી નથી. છેલ્લાં વર્ષો દરમિયાન મેડિકલ પ્રોફેશન રૂપિયા રળવાની ટંકશાળમાં ફેરવાઈ ગયો છે તે કહેવાની જરૂર ખરી ? ક્યારેક અત્યંત ઉમદા સેવાકાર્ય તરીકે ઓળખાતા આ વ્યવસાયનું આટલી હદે નૈતિક અધઃપતન થશે એવી તો કલ્પના જ ક્યાંથી આવે ! પરંતુ એ એક નક્કર અને કઠોર વાસ્તવિકતા છે. સરકાર જુદી જુદી યોજનાઓ મારફત નાગરિકોને સસ્તી સેવા ઉપલબ્ધ કરાવવા મથતી રહે છે અને બીજી તરફ ફાઈવ સ્ટાર - સેવન સ્ટાર હોસ્પિટલો ખૂલતી રહે છે. છેવાડાના માનવી પ્રત્યેની અનુકંપાનું સ્થાન મસમોટાં બિલોએ લઈ લીધું છે. ધનતેરશના પવિત્ર પર્વ પર આરોગ્યક્ષેત્રે પ્રવેશેલા આ રાક્ષસી ભ્રષ્ટાચારને નાથવાનો પણ સંકલ્પ કરીએ. માત્ર શુભમુહૂર્ત ગણીને ગૃહપ્રવેશ કે અન્ય શુભમંગલ કાર્યો પૂરતી જ ધનતેરશને સીમિત ના બનાવી દઈએ.

# ઉજવણી ઉપર અંકુશ મુકતી સુપ્રિમ કોર્ટ

### કાયદો અને કાનૂન



અશ્વિન ત્રિવેદી

સુપ્રિમ કોર્ટે દિવાળી તથા બીજા ધાર્મિક તહેવારો, ઉત્સવોમાં ફોડવામાં આવતા ફટાકડાથી પ્રદુષણ થતું હોવાથી તેના ઉપર પ્રતિબંધ લાધ્યો છે. અમુક ડેસીબલ અવાજ ધરાવતા ફટાકડા નિયત સમયમર્યાદામાં જ ફોડવામાં આવશે. ન્યુ યરની રાત્રે ૧૧.૫૫ થી ૧૨.૩૦ સુધી ફટાકડા ફોડવા મંજુરી આપવામાં આવી છે તેમજ દિવાળીમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ તમામ પ્રકારના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. ગત વર્ષે દિલ્હી એનસીઆરમાં સંપૂર્ણ પ્રતિબંધ લદાયો હતો તે ઉઠાવી સમય મર્યાદા રાત્રે ૧૦ સુધીની કરેલ છે. જે કક્ષાનું પ્રદુષણ ફેલાઈ રહ્યું છે તે જોતા આવો પ્રતિબંધ તમામ સ્તરેથી સ્વીકારવામાં આવ્યો હતો પરંતુ કેટલાક લોકો પરંપરા, રૂઢી સાથે જોડી ધાર્મિક કાર્યમાં ફટાકડા ફોડવા ઉપરના પ્રતિબંધને અન્યાઈ ગણે છે.

કોર્ટે નિયંત્રણ મુકેલ છે હવે તેને પાલન કરવાની જવાબદારી પોલીસની છે. કોણે કેટલા વાગે કેટલા ડેસીબલ અવાજનો ફટાકડો ફોડવો તે કહેવું પોલીસ માટે અશકય છે. તમામ સ્થળે, જગ્યાએ પોલીસ આના માટે પહોંચે તે પણ અનુચિત છે. તો પોલીસ કાયદો શાંતિ અને સલામતી કયારે જાળવે તે પ્રશ્ન પણ ઉઠવા પામ્યો છે. લોકો સ્વેચ્છાએ જાતે જ નિયંત્રણ સ્વીકારી કાયદાને માની સ્વેચ્છાએ ફટાકડા ફોડવાનું બંધ કરે તો જ આ શકય છે. લોકોએ નૈતિક જવાબદારી સ્વીકારી ફરજ તરીકે અમલમાં મુકે તો કાયદાનું પાલન થાય ડર, ભય કે ધાક, ધમકીથી આ કાયદાનો અમલ કરવો અશકય છે.

એ ક તરફ ફટાકડા ફોડવા ઉપર નિયંત્રણ સરકાર લાદે છે તો ફટાકડાના ઉત્પાદન ઉપર કેમ નહિ? તે પ્રશ્ન પણ સામાન્ય રીતે ઉદ્દભવે ફટાકડાના ઉત્પાદન ઉપર જ પ્રતિબંધ મુકવો જોઈએ જેથી ઉત્પાદકોના લાખો રૂપિયાનો ધુમાડો થતો અટકે. આવા કાયદાથી મરો નાના વેપારીઓનો થાય છે જેમણે તહેવાર પહેલા દુકાનોમાં માલ ભરી રાખેલ હોય ઉત્પાદકો તો અગાઉથી વેચાણ કરી હાથ ખંખેરી નાંખે છે.

સુપ્રિમ કોર્ટે પ્રદુષણ નિયંત્રણ બોર્ડને પણ અગાઉથી પ્રદુષણનું સ્તર માપીને પગલા ભરવા સૂચના આપી છે પરંતુ આપણા દેશમાં ઘોડા છુટે તબેલાને તાળા જેવો ઘાટ છે. પ્રદુષણ ઓકતા વાહનો ઉપર પણ પ્રતિબંધ લાદવો જોઈએ. પ્રદુષણ ફેલાવતા ઉદ્યોગો ઉપર નિયંત્રણ લાદવા જોઈએ માત્ર ફટાકડાથી જ પ્રદુષણ ફેલાય છે તે માનવું ભુલ ભરેલ છે. તમામ સ્તરેથી પ્રદુષણ ફેલાતા અટકાવવા આખુ વર્ષ પગલા ભરવા જોઈએ માત્ર તહેવાર આવવાથી કાયદો બનાવી હાથ ખંખેરી નાખવાથી ના ચાલે પ્રદુષણ રોકવાના બીજા અનેક રસ્તાઓ છે.

આપણા દેશમાં હવા, પાણી અનો ખોરાકમાં જ પ્રદુષણ છે.ત્રણ બાળકોને આગળ ધરી વાલીઓએ વકિલ રોકી આખો મુદ્દો પબ્લીક લીટીગેશનમાં લઈ જવા પ્રયત્ન કરેલ છે નાના બાળકોને પ્રદુષણની એટલી સમજ ના હોય તે સ્વભાવીક છે. બાળકોને માત્ર આ કિસ્સામાં ઉપયોગ કર્યાની હક્કિત સ્પષ્ટ રીતે સુપ્રિમ કોર્ટે જોવાની વિચાવાની હતી. આપણા દેશમાં કેટકેટલીય સંસ્થાઓ, એનજીઓ પ્રદુષણના મુદ્દા ઉપર વર્ષોથી મુદ્દો ઉઠાવ્યો છે તેમની સલાહ સૂચન મંગાવી નિર્ણય આપવા પાત્ર હતો અદાલતોમાં પણ પ્રદુષણના મુદ્દે કેટલીય અરજીઓ મળેલ છે જે હાલમાં કાયદાકીય રીતે પેન્ડીંગ છે.

ભારત ધાર્મિક દેશ છે દરેક તહેવારો સાથે પરંપરા જોડાયેલ હોય તથા રૂઢી કાયદાથી પર છે. રામરાજય વખતથી દિવાળીમાં ફટાકડા ફુટે છે. આદીકાળથી આ પ્રથા, રૂઢી દરેક રાજયમાં પાળવામાં આવે છે તેના ઉપર એકદમ પ્રતિબંધ મુકવાથી પ્રજાની ધાર્મિક ભાવના લાગણી ઉશ્કેરાશે અને ધર્મને રાજનીતિ સાથે જોડતા આપણા દેશમાં વાર લાગતી નથી ઘણા શહેરોમાં તો આતશબાજીનો કાર્યક્રમ નગરપાલીકા કે મ્યુનિસીપાલીટી દ્વારા રાખવામાં આવતો હોય છે જેમાં પ્રજાજનો ઉત્સાહથી ભાગ લઈ આનંદ કરતા હોય છે મોટા રાજતેનાઓજ આવા આતશબાજી શોનું ઉદઘાટન કરતા હોય છે હવેથી આવા આયોજનો બંધ થઈ જશે અગરતો કાયદાના દાયરામાં રહીને ઉજવણી કરવામાં આવશે.

ફટાકડાથી પશુ, પક્ષી તથા નાના બાળકોને નુકશાન થાય છે. શ્વાસના રોગોમાં વધારો થાય છે કેટલાય લોકોના મોત નિપજે છે તે સર્વ સામાન્ય હક્કિત હોવા છતાં ધર્મ, આસ્થા, પરંપરા, રૂઢી આગળ કાયદો વામણો પુરવાર થશે તે ચોક્કસ વાત છે.

# આપણા સકારાત્મક પાસાને વધુ ઉજ્જવળ બનાવવાની ટેક લઈએ

### WhatsApp ઑફ ધી વીક



નેહલ ગઢવી

**આંગણે આવી**
**ચકલીએ પૂછ્યું**
**આ બારણું પાછું**
**ઝાડ ના થાય ?**

એક વૃક્ષને ઉછેરતાં, મોટું થતાં અને એમાંથી બારણું થઈ શકે એવું વટવૃક્ષ બનતાં કેટકેટલા વર્ષો વીતી જાય છે. પરંતુ, એને કાપી નાખીને નષ્ટ કરતાં થોડો જ સમય લાગે છે. આજનો આ સમય ઝડપનો સમય છે, ઈન્સ્ટન્ટનો જમાનો છે. બધાને બધુ જ તરત જોઈએ છીએ. અને આ ઝડપથી મેળવવાના મોહમાં જયારે કંઈક ચૂક થઈ જાય ત્યારે તેના માઠા પરિણામો પણ ભોગવવા જ પડે છે, આપણી ફિદરત જ કંઈક એવી છે કે કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે સંબંધ ગુમાવ્યા બાદ જ તે કિંમતી હોવાની પ્રતીતિ આપણને થાય છે. દિવાળીની ઊજવણીમાં હવે પહેલા જેવો ચાર્મ નથી રહ્યો તેવી બૂમો આપણે સૌ પાડીએ છીએ પણ વર્ષોથી ચાલી આવતી આપણી રૂઢિગત પરંપરાઓને અનુક્રમે ક્ષીણ થતી જોઈ આપણે પોતે જાગૃત બન્યા જ નહિ. અને હવે જયારે આપણી આ પરંપરા અને સંસ્કૃતિ ભૂલાઈ જશે એવો ખતરો અનુભવ્યો ત્યારે આપણી આંખો ખૂલી અને આપણે તેની ગંભીરતાને સમજી શક્યા ! નાની નાની વાતમાં માઠું લગાડીને સંબંધ તોડી નાખનારા આપણે આજે આટલા સ્વકેન્દ્રી કઈ રીતે બની બેઠા એનું આત્મનિરીક્ષણ કરવું જ રહ્યું !

**હું રિસાયો**
**તમે પણ રિસાયા**
**તો પછી આપણને મનાવશે કોણ ?**
**આજે તિરાડ છે**
**કાએ ખાઈ બની જશે**
**તો પછી તેને ભરશે કોણ ?**
**હું મૌન**
**તમે પણ મૌન**
**તો પછી આ મૌનને તોડશે કોણ ?**
**નાની નાની વાતોને દિલથી**
**લગાવશું.**
**તો પછી સંબંધ નિભાવશે કોણ ?**
**છુટા પડીને દુઃખી હું**
**અને દુઃખી તમે પણ,**
**તો વિચારો ડગલું આગળ વધશે કો**
**ના હું રાજી**
**ના તમે રાજી**
**તો પછી માફ કરવાની મોટાઈ**
**દેખાડશે કોણ ?**
**યાદોના ગમમાં ડૂબી જઈશું હું અને**
**તમે**
**આપણને ધૈર્ય આપશે કોણ ?**
**એક અહમ્ મારો**
**એક તારી અંદર પણ**
**તો પછી આ અહમ્‌ને હરાવશે કોણ ?**
**જિંદગી કોને મળી છે હંમેસ માટે**
**તો પછી આ વાતને વાગોળવા માટે અહીં રહેશે ક**
**આપણા બંનેના મરી ગયા પછી**
**આ વાત ઉપર પસ્તાવો કરશે કોણ ?**
**એટલે જ**
**એકબીજાનું માન રાખો.**
**ભૂલોને ભૂલી જાવ.**
**ઈગોને એવોઈડ કરો.**

જિંદગી જેટલી બચી છે, હસતાં હસતાં પુરી કરો.

આપણે આ દિવાળીએ સંકલ્પ કરીએ કે સમય સાથે કદમ જરૂર મિલાવીએ અને પરિવર્તન પણ આણીએ પણ આપણી લાગણીની ભીનાશ અકબંધ જળવાઈ રહે તેના માટે ખાસ સજગ રહીએ. આવનારા સમયમાં એક એવી પેઢીનો સદંતર વિનાશ થઈ જાય કે જે પારકાના દુઃખે દુઃખી થઈ જતી હોય તો તે ભારત જેવા સંવેદનશીલ રાષ્ટ્ર માટે ઘણી નિરાશાજનક બાબત ગણાય.

આવતા ૧૦-૧૫ વર્ષમાં એક એવી પેઢી સંસાર છોડી ચાલી જશે. જેના ગયા પછી ખૂબ પસ્તાવો થશે. વાત કડવી છે પણ સત્ય છે.

આ પેઢીના લોકો બિલકુલ અલગ જ છે.

રાત્રે જલ્દી સુવાવાળા, સવારે જલ્દી જાગવાવાળા,સવારના અંધકારમાં ફરવાનિકળવા વાળા

આંગણાના ફૂલછોડને પાણી પીવડાવવાવાળા, દેવપૂજા માટે ફૂલ તોડવાવાળા, રોજ પાઠ પૂજા કરવાવાળા અને રોજ મંદિર જવાવાળા...

રસ્તામાં મળવાવાળાને ખૂબ વાતો કરવા વાળા, તેમનું સુખ દુઃખ પૂછવાવાળા, બંને હાથ જોડી પ્રણામ કરવા વાળા, તેમજ સ્નાન વગર અન્ન નહીં ઉતારવા વાળા.

તેમનો અલગ સંસાર...વાર તહેવાર, મહેમાન, શિષ્ટાચાર, અનાજ, અન્ન, શાકભાજીની ચિંતા, તીર્થયાત્રા , રિતી રિવાજ અને સનાતન ધર્મ ની આગળ પાછળ ફરવાવાળા...

જુના ફોન ના ડોગલા ઉપર જ મોહિત રહેવા વાળા, ફોન નંબર ની ડાયરી મેઈન્ટેઈન કરવાવાળા, રોંગ નંબરવાળા સાથે પણ સરસ વાત કરી લેવા વાળા, વર્તમાન પત્રોને દિવસમાં ત્રણ ચાર વાર ઉથલાવી ઉથલાવી વાંચવા વાળા...!

હંમેંશા એકાદશી યાદ રાખવા વાળા, પૂનમ અને અમાસ યાદ રાખવાવાળા, ભગવાન ઉપર પ્રચંડ ભરોસો રાખવા વાળા, સમાજનો ડર પાળવા વાળા, જુના ચપ્પલ, ફાટેલી બંડી અને તૂટેલી દાંડીવાળા ચશ્મા પહેરવાવાળા...!!

ગરમીની સીઝનમાં આચાર પાપડ બનાવવાવાળા, ઘરમાં જ ખાંડેલો મસાલો વાપરવાવાળા, અને હંમેશા દેશી ટામેટા, દેશી રીંગણ અને દેશી મેથી જેવી શાકભાજી શોધવાવાળા...!

નજર ઉતારવા વાળા, કંદોઈ ખસી હોય તો ઠીક કરવા વાળા, લીમડાનું કે બાવળનું દાતણ કરવાવાળા, અને શાકભાજીની લારી વાળા સાથે એક-બે રૂપિયા માટે જીભા જોડી કરવા વાળા...!!

શુ તમે જાણો છો?....

આ બધા ધીરે ધીરે આપણો સાથ છોડી કાયમ માટે જતા રહેવાના છે.

શુ તમારા ઘરમાં આવું કોઈ છે? જો હા,તો જરૂર તેઓનું ખૂબ ધ્યાન આપજો...!

નહિતર એક મહત્વપૂર્ણ શીખ તેમની સાથે જ જતી રહેશે.... એ છે સંતોષ ભર્યું જીવન, સાદગી પૂર્વકનું જીવન, પ્રેરણા દાયક જીવન,ભેળસેળ વિનાનું જીવન, ધર્મ અને સતમાર્ગ પર ચાલવાવાળું જીવન, બધાની ચિંતા કરવાવાળું જીવન...!

તમારા પરિવારમાં જે લોકો વડીલ છે તેમનું માન સન્માન રાખજો, તેઓને અપનાપન મહેસુસ કરાવો અને ખૂબ જ પ્રેમ કરો...!

સંસ્કાર જ
અપરાધ રોકી શકે છે.
સરકાર નહિ...!!

તો આવો, આ દિપાવલીના શુભ અવસરે એક પ્રણ લઈએ કે બદલાવ અને પરિવર્તન માત્ર ખરાબ અને નબળી બાબતોમાં જ આવે. આપણા સકારાત્મક પાસાને વધુ ઉજળું બનાવવાની ટેક લઈએ અને આપણી અંદર પ્રસન્નતા અને સકારાત્મકતાની જયોત સદાય પ્રજ્જવલિત રહે તે માટેનો પ્રયાસ સતત અને અવિરત કરતા જ રહીએ.

Last Seen :
**ઈશ્વરના ચોપડામાં આપણું બોલેલું,**
**વિચારેલું કે વાંચેલું નહી પરંતુ**
**આપણું કરેલું નોંધાય છે..!!**

nehalgadhavi101@gmail.com

# ભાજપના આસ્થાપુરુષ શ્યામાપ્રસાદ મુકરજી હિંદુરાષ્ટ્રના વિરોધી

### અતિતની આજ



ડૉ. હરિ દેસાઈ

અત્યારે ભારત પર જેનું શાસન છે એ ભારતીય જનતા પક્ષ(બીજેપી)નો પૂર્વ અવતાર ગણાતો રાજકીય પક્ષ એટલે ભારતીય જનસંઘ(બીજેએસ). રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવળકર (ગુરુજી) અને ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીએ મળીને કરેલા સંકલ્પનું ફળ એટલે ૧૯૫૧માં શ્યામાબાબુની અધ્યક્ષતામાં સ્થપાયેલો એ પક્ષ. આજે એ વટવૃક્ષ બન્યો છે. ભારતીય જનતા પક્ષના બે આદ્યપુરુષોની છબિઓ એના કોઈપણ મહત્વના દિવસે પાર્શ્વભૂમાં ઝળકે છેઃ એક ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી અને બીજા પંડિત દીનદયાળ ઉપાધ્યાય. બંનેનાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયાં હતાં. સુભાષચંદ્ર બોઝ અને લાલ બહાદુર શાસ્ત્રીનાં રહસ્યમય મૃત્યુના રહસ્ય પરથી પડદો ઊંચકવાની છાસવારે ઘોષણા કરનારા વર્તમાન શાસકોએ પોતાના બે આસ્થાપુરુષનાં રહસ્યમય મૃત્યુ પરથી પડદો ઊંચકવાની કોશિશોની હવે માંડવાળ કરી લાગે છે. જ્યાં લગી કૉંગ્રેસની સરકાર કેન્દ્રમાં હતી ત્યાં લગી નેહરુ સરકારને કે નેહરુ - પુત્રીની સરકારને તેમનાં મૃત્યુનાં રહસ્ય ઉકેલવામાં રસ નહીં હોવાની ભાંડણલીલા ચાલતી રહી હતી.

૬ જુલાઈ ૧૯૦૧ના રોજ જન્મેલા અને ૨૩ જૂન ૧૯૫૩ના રોજ રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામેલા શ્યામપ્રસાદ મુકરજીએ માત્ર ૫૨ (બાવન) વર્ષની નાની ઉંમરમાં એટલું બધું યોગદાન કર્યું કે આજે પણ દેશ એમનું સ્મરણ કરે છે.

બંગાળમાં કોલકતાના અંગ્રેજનિષ્ઠ પરિવારમાં જન્મેલા અને ઉછરેલા શ્યામાબાબુ ભદ્રલોક બ્રાહ્મણ પરિવારનું ફરજંદ. સર આશુતોષ મુકરજી કે મુખોપાધ્યાયના એ તેજસ્વી પુત્ર. સૌથી નાની વયે(૩૩) તેઓ કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ બન્યા એટલું જ નહીં, બબ્બે મુદત માટે એક કુલપતિ રહ્યા. એ દરમિયાન ઘણા બધા શૈક્ષણિક સુધારા કરી શક્યા. પિતા પણ કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ રહ્યા. અંગ્રેજ સરકાર અને બંગાળના ગવર્નર સાથે સારો ઘરોબો. ભણતરની કારકિર્દી તેજસ્વી. ભારતમાં એ બી.એ., એમ.એ. થવા ઉપરાંત વકીલાતની પદવી મેળવ્યા પછી લંડન જઈને બેરિસ્ટર પણ થઈ આવ્યા. જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં શ્યામાબાબુએ વકીલાતના ઝાઝા કેસ લડ્યા નહીં, પણ પિતા સર આશુતોષ મુકરજીએ કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક નિયુક્ત કરેલા તે ડૉ. એસ. રાધાકૃષ્ણન (જે પાછળથી રાષ્ટ્રપતિ થયા)ને પક્ષે 'પ્રવાસી' અને 'મોર્ડન રિવ્યુ'ના સંપાદક રામાનંદ ચેટરજી વિરુદ્ધ બદનક્ષીના કેસમાં ધારાશાસ્ત્રી તરીકે જરૂર ઊભા રહ્યા હતા.

- **શ્યામાબાબુ કોંગ્રેસી ધારાસભ્ય, હિંદુ મહાસભાના અધ્યક્ષ, નેહરુના ઉદ્યોગપ્રધાન અને જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ રહ્યા**
- **કલકત્તા યુનિવર્સિટીના સૌથી યુવા કુલપતિ થકી નોબેલવિજેતા સી. વી. રામનની હકાલપટ્ટી ને 'ભારત છોડો'નો દ્રોહ**
- **૧૯૪૦માં મુસ્લિમ લીગ અધિવેશનમાં પાકિસ્તાન ઠરાવક ફઝલુલ હકની ૧૯૪૨ની સરકારમાં મુકરજી નાણાં મંત્રી રહ્યા**
- **કાશ્મીર મુદ્દે શહીદી વહોરનાર અપ્રતિમ નાયકના હત્યારા અબ્દુલ્લાના પરિવાર સાથે અનુગામીઓનાં સત્તાનાં સહશયન**

સર આશુતોષના પ્રયત્નોથી જ બ્રિટિશ સરકારની ફિનાન્શિયલ સિવિલ સર્વિસના અધિકારી તરીકે રાજીનામું આપીને કલકત્તા યુનિવર્સિટીમાં પાલિત પ્રાધ્યાપક તરીકે જોડાયેલા અને પાછળથી નોબેલ પારિતોષિક વિજેતા બનેલા ભૌતિકશાસ્ત્રી સર સી. વી. રામનને કોલકાતા છોડાવવાના ષડયંત્રકાર તરીકે પણ રામનનાં બાયોગ્રાફર ઉમા પરમેશ્વરન શ્યામાપ્રસાદ મુકરજીનો ખાસ્સો ઉધડો લે છે. જોકે તથાગત રાય આ બાબતમાં શ્યામાબાબુ ભણી સાનુકૂળ રહેવાની નોંધ કરવાની સાથે જ રામનની વરવી વિદાયની વાત જરૂર મૂકે છે. પ્રથમ એશિયાઈ અને પ્રથમ અશ્વેત નોબેલ વિજેતાને કોઈ વિદાયમાન અપાયું નહીં, એટલું જ નહીં, રામન જીવ્યા ત્યાં લગી એમણે ક્યારેય કોલકાતામાં ફરી પગ મૂક્યો નહીં, જે કોલકાતાને ૧૯૧૧થી ૧૯૩૩ સુધી પોતીકું ગણ્યું હતું. રામન બ્રિટિશ સનદી સેવામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે નાગપુરથી બદલી પામીને કોલકાતા આવ્યા હતા.

કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ તરીકે શ્યામાબાબુએ ઈતિહાસ જરૂર સર્જ્યો : તેમણે કવિવર રવીન્દ્રનાથ ઠાકુર કે ટાગોરને દીક્ષાંત વ્યાખ્યાન માટે તેડાવ્યા. કવિવરની શરત હતી કે તેઓ બંગાળીમાં વ્યાખ્યાન આપશે. અંગ્રેજીમાં વ્યાખ્યાનની પરંપરાને બદલે આ નોખો ચીલો એમણે ચાતર્યો. અંગ્રેજીમાં વ્યાખ્યાનની છાપેલી નકલો વિતરીત કરાઈ અને વ્યાખ્યાન બાંગલામાં થતાં ઈતિહાસ સર્જાયો. એ પણ બંગાળના સત્તાધીશ મુસ્લિમ લીગી પ્રધાનોના બહિષ્કાર અને વિરોધની વચ્ચે. કલકત્તા યુનિવર્સિટીના કુલપતિપદેથી નિવૃત્ત થતાં યુનિવર્સિટીએ શ્યામા બાબુને ડોક્ટરેટની માનદ પદવી એનાયત કરી હતી.

શ્યામાપ્રસાદનું વ્યક્તિત્વ અનેક વિરોધાભાસોથી ભરેલું રહ્યું. એ સૌપ્રથમવાર બંગાળ વિધાન પરિષદમાં ધારાસભ્ય તરીકે કલકત્તા યુનિવર્સિટીની બેઠક પર કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ૧૯૨૯માં ચૂંટણી લડ્યા અને જીત્યા. માંડ એકાદ વર્ષ પણ થયું નહોતું અને કૉંગ્રેસે ધારાસભાઓના બહિષ્કારની હાકલ કરી એટલે એમણે ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યું. જોકે એ પછી તેઓ અપક્ષ તરીકે ચૂંટણી લડીને ધારાસભામાં ગયા. રાજકારણમાં એમના પ્રવેશના બે હેતુ હતાઃ(૧) શૈક્ષણિક ક્ષેત્રમાં સુધારા કરી શકાય (૨) બંગાળની લઘુમતી હિંદુ પ્રજાને થતા અન્યાય સામે લડવા એને પડખે રહેવું. તેઓ સમયાંતરે હિંદુ મહાસભાની નજીક આવતા ગયા. ૧૯૩૭ની ધારાસભાની ચૂંટણીમાં બંગાળ પ્રાંતમાં કૉંગ્રેસ સૌથી મોટો પક્ષ હોવા છતાં એણે સરકાર રચવા કૃષક પ્રજા પાર્ટી સાથે હાથ મિલાવવાનો નન્નો ભણ્યો એટલે મુસ્લિમ લીગ અને કૃષક પ્રજા પાર્ટીએ મળીને સરકાર રચી હતી. ૧૯૪૦ના માર્ચમાં મોહમ્મદ અલી ઝીણાના વડપણ હેઠળ મુસ્લિમ લીગનું અધિવેશન લાહોરમાં મળ્યું. આ અધિવેશનમાં પાકિસ્તાનનો ઠરાવ જેમણે રજૂ કર્યો એ ફઝલુલ હક મૂળે શ્યામાબાબુના પિતા સર આશુતોષના જુનિયર હતા. બંગાળની જે હિંદુ મહાસભા બે જૂથમાં વિભાજિત હતી એને સંગઠિત કરીને ડિસેમ્બર ૧૯૩૯માં શ્યામાપ્રસાદના પ્રયાસોથી કલકત્તામાં અખિલ ભારતીય હિંદુ મહાસભાનું અધિવેશન યોજાયું. ૧૯૪૦ની શરૂઆતમાં શ્યામાબાબુને કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા, કારણ તેના અધ્યક્ષ સ્વાતંત્ર્યવીર સાવરકરની તબિયત બરાબર રહેતી નહોતી. આ જ ગાળામાં લાહોરમાં બલરાજ મધોકના આગ્રહથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના શિબિરમાં વ્યાખ્યાન આપવા જવાનું થયું. એપ્રિલ ૧૯૪૦માં કલકત્તામાં આરએસએસની શાખામાં એમણે હાજરી આપી ત્યારે પાછળથી સંઘના તૃતીય સરસંઘચાલક બનેલા બાળાસાહેબ દેવરસ ત્યાં હાજર હતા.

અનુસંધાન પાના નં ૭ પર